–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી., કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત ગીરધરનગર બ્રિજ ઉપરથી પસાર થતા બુલેટ ટ્રેનના ટ્રેકના પિલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી **તા.૨૩/૮/૨૦૨૫ થી તા.૨૦/૯/૨૦૨૫ કુલ ૨૯–દિવસ સુધી** ચાલનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	**વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ**	**વૈકલ્પિક માર્ગ**
૧.	ગીરધરનગર બ્રિજ (બાબુ જગજીવનરામ બ્રીજ) ના બન્ને છેડા વાહન વ્યવહારની અવર–જવર માટે તા.૨૩/૮/૨૦૨૫ થી તા.૨૦/૯/૨૦૨૫ કુલ–૨૯ દિવસ સુધી પ્રતિબંધિત રહેશે.	(૧) કાલુપુર, પ્રેમ દરવાજા તરફથી આવતો ટ્રાફિક ઇદગાહ સર્કલ થઇ અસારવા બ્રિજનો ઉપયોગ કરી ડાબી બાજુ થઇ બળીયા લીમડી ચાર રસ્તા થઇ સીવીલ હોસ્પીટલ તરફ જઇ શકશે. તેમજ અસારવા વિસ્તારના મુખ્ય માર્ગો ઉપર પણ જઇ શકાશે. (૨) શાહીબાગ ગીરધરનગર તરફથી આવતો ટ્રાફિક ગીરધરનગર સર્કલ કાલીકા માતાજીના મંદિર થઇ બળીયા લીમડી ચાર રસ્તા થઇ સિવીલ હોસ્પીટલ તેમજ અસારવા તરફના મુખ્ય માર્ગ તરફ જઇ શકશે. તેમજ કાલુપુર,પ્રેમ દરવાજા તરફ જવા માટે પણ અસારવા બ્રિજનો ઉપયોગ કરી શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૨૨/૮/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર